GJVD010011562026

सत्यमेव जयते

દાખલ તારીખ	૧૨/૦૨/૨૦૨૬		
રજીસ્ટ્રેશન તારીખ	૧૨/૦૨/૨૦૨૬		
ફેંસલ તારીખ	૨૧/૦૮/૨૦૨૬		
સમયગાળો	**વર્ષ**	**માસ**	**દિવસ**
	૦૦	૦૬	૦૯

મે. વડોદરાના ૦૯માં એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં, મુ.વડોદરા.

ક્રિમી.રીવીઝન અ. નં.૫૯/૨૦૨૫
આંક– ૦૫

અરજદાર (મુળ આરોપી):–

અભિલાષા નિકુંજ ભટ્ટ
રહે. એ–૪૦૪, વિસેન્જા–૫૧,
પાણીની ટાંકી પાસે, સ્વામી નારાયણ મંદિરની પાછળ,
અટલાદરા, વડોદરા.

વિરૂધ્ધ.....

સામાવાળા (મુળ ફરીયાદી) :–

૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત

૨. ચતુરભાઇ ગોરધનભાઇ દુધાત
રહે. બી–૧૧૦૪, દર્શનમ–સ્પ્લેન્ડોરા,
બ્રાઇટ સ્કુલની પાછળ, વાસણા–ભાયલી રોડ,
વડોદરા.

બાબત: **બી.એન.એસ.એસ.કલમ–૪૩૮ હેઠળ રીવીઝન.**

અરજદાર તરફે : વિ.વ.શ્રી એમ.આઇ.પટેલ
સામાવાળા નં. ૧ તરફે : વિ.ડી.જી.પી.શ્રી એ.એમ.દેસાઇ
સામાવાળા નં.૨ તરફે : વિ.વ.શ્રી પી.કે.કાપડીયા

-:: ચુ કા દો ::-

૧. હાલની રીવીઝન અરજી, અરજદાર/મુળ આરોપી તરફે બી.એન.એસ.એસ. કલમ-૪૩૮ (ક્રિમી.પ્રો.કોડની કલમ-૩૯૭) અન્વયે દાખલ કરેલ છે. અરજદાર/આરોપી સામે સામાવાળા/મુળ ફરીયાદીએ નેગો.ઈ.એકટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ ગુ.મુ.નં. ૪૭૧૬૩/૨૦૨૫ થી દાખલ કરેલ છે. સદર કામે અરજદારે આંક-૪૨ થી આપેલ અરજ ના.ટ્રાયલ કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ તે હુકમથી નારાજ થઇ, અરજદાર/મુળ ફરીયાદીએ હાલની રીવીઝન કરેલ છે.

૨. હાલના રીવીઝન અરજી દાખલ થતાં, સામાવાળાઓને નોટીસ ઇશ્યું કરવામાં આવેલ, નોટીસ બજી જતા, સામાવાળાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહેલ છે.

૩. હાલની રીવીઝન જે ફોજદારી કેસમાંથી ઉદ્ધભવેલ છે તે ફોજદારી કેસ નં. ૪૭૧૬૩/૨૦૨૫ ના કામે હાલના અરજદાર મુળ **આરોપી** તરીકે તથા સામાવાળા નં. ૨ જે મુળ **ફરીયાદી** તરીકે હોય, હાલની રીવીઝન અરજીના કામે સરળતાના હેતુંથી બંન્ને પક્ષકારોને તેમના મુળ સ્ટેટસ અનુસાર હવે પછી સંબોધવામાં આવેલ છે તેમજ વિધ્વાન એડી. ચીફ જયુડી. મેજી.શ્રી વડોદરાને **ટ્રાયલ કોર્ટ** તરીકે સંબોધવામાં આવેલ છે.

૪. અરજદાર/મુળ આરોપીએ તેઓની અરજી હકીકતમાં એવું જણાવેલ છે કે, ના.ટ્રાયલ ધ્વારા ગુ.મુ.નં. ૪૭૧૬૩/૨૦૨૫ ના કામે આંક-૪૨ ની અરજ લગત તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ અરજ નામંજુર કરવાનો હુકમ કરેલ છે જે હુકમ તદન ખોટો, ગેરકાયદેસરનો અને ભુલભરેલ છે. ગુ.મુ.નં. ૪૭૧૬૩/૨૦૨૫ ના કામે અરજદારનું ફર્ધર સ્ટેટમેન્ટ લેવામાં આવેલ છે જેમાં તેઓએ જુબાની આપવાની તથા સાહેદ તપાસવાની હા પાડેલ છે. જે મુજબ અરજદારે ઇન્કમટેક્ષના ઓફીસરને તપાસવાની અરજ આપેલ હતી. ના.ટ્રાયલ કોર્ટે આંક-

૭૨ ની અરજના કામે અમોએ સાહેદ કેમ તપાસવા છે? તેની વિગત ન જણાવેલ હોવાના કારણથી અરજ નામંજુર કરેલ છે. સદરહું કેસ ચુકાદા ઉપર છે. સદરહું આંક-૭૨ માં થયેલ હુકમમાં કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવેલ છે. મુખ્ય મુદ્દાને અવગણીને ટ્રાયલ અદાલતે ભુલભરેલ હુકમ કરેલ છે. હાલનો કેસ ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ મુજબનો છે. સદર કામે આંક-૭૨ ની અરજ લગત થયેલ હુકમ રદ કરી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટના સાહેદને તપાસવા માટે પરવાનગી આપવા માટે અરજ ગુજારી હાલની રીવીઝન અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

૪.૧) અરજદાર/મુળ આરોપીએ તેઓની રીવીઝન અરજી સાથે આંક-૩ થી લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ રજુ રાખેલ છે જેમાં માર્ક-૩/૧ થી ગુ.મુ.નં. ૪૭૧૬૩/૨૦૨૫ ના ફરીયાદની નકલ, માર્ક-૩/૨ થી સામાવાળા નં. ૨ ની સરતપાસ તથા ઉલટતપાસની નકલ, માર્ક-૩/૩ થી આંક-૭૨ ની અરજ તથા તે લગત થયેલ હુકમની નકલ રજુ રાખેલ છે.

૫. અરજદાર/મુળ ફરીયાદીએ તરફે તેઓની અરજી મુજબની રજુઆત કરેલ છે, જેમાં કેસ હકીકત તથા અરજી મુજબની હકીકતો જણાવેલી છે અને વધુમાં એવુ જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ અધુરો, અપુરતો અને રેકર્ડની પુરતી ચકાસણી કર્યા વગર તથા રેકર્ડમાં રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લીધા સિવાય કરેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં ઈન્કમટેક્ષના પ્રશ્ન પુછવામાં આવે છે અને તેમ છતાં ફરીયાદીએ ઈનકમટેક્ષના કોઇ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી અને તે કારણોસર ફરીયાદીના ઈન્કમટેક્ષના પુરાવા મુળ ફરીયાદના કામે રેકર્ડ ઉપર લાવવા જરુરી હોય તેટલા માત્ર કારણથી જ ઈન્કમ ટેક્ષના અધિકારીશ્રી જરુરી પુરાવા લઇ ના.કોર્ટમાં હાજર રહે તે માટે અરજ આપેલ હતી. ફરીયાદીએ લાખો રુપિયાના ચેકનો દુરુપયોગ કરેલ હોય ઈન્કમટેક્ષ

ઓફીસર અતિ મહત્વના સાહેદ હોવા છતાં ના.ટ્રાયલ કોર્ટે તેમને બોલાવવા માટેની અરજ મંજુર કરેલ નથી. વધુમાં ઈન્કમટેક્ષના ઓફીસર ના.કોર્ટમાં જુબાની આપવા આવે તો આરોપી પક્ષ તેઓનું ભાડુ-ભથ્થુ ચુકવવા તૈયાર હતા. સદરહું સાહેદને તપાસવા અંત્યત જરુરી છે તેમ છતાં ના.ટ્રાયલ કોર્ટે તદન ખોટો હુકમ કરેલ છે અને આરોપી પક્ષને સ્વબચાવ કરવાની તક મળેલ નથી. કોઈપણ કેસમાં સાચી હકીકતો રેકર્ડ ઉપર આવવી જરુરી છે અને સાચી હકીકતો સાહેદ ધ્વારા આવી શકે. ફરીયાદીએ તેઓના ઈન્કમટેક્ષના પુરાવા રજુ કરી દીધા હોત તો સાહેદને બોલાવવાનો પ્રશ્ન ઉપસ્થિત ના થાત પરંતુ ફરીયાદીએ કોઈપણ પ્રકારના ઈન્કમટેક્ષ ડીપાર્ટમેનટના તેઓએ ભરેલ રીટર્ન બાબતના કોઇ પુરાવા રજુ કરેલ નથી જેથી આરોપી પક્ષે ઈન્કમટેક્ષી ડીપાર્ટમેન્ટના સાહેદ સમન્સ કાઢવાની અરજી આપેલ હતી જે અરજ ના.ટ્રાયલ કોર્ટે નામંજુર કરેલ હતી જે હુકમ તદન ભુલભરેલ, ગેરકાયદેસર, ટકવાપાત્ર ન હોય હાલની રીવીઝન અરજ મંજુર કરી આંક-૪૨ નો હુકમ રદ કરી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટના સાહેદને તપાસવા માટે અરજ ગુજારેલ છે.

૬. સામાવાળા નં. ૨ તરફે તેના વિ.વકીલશ્રીએ આંક-૦૭ થી લેખિત દલીલો ગુજારેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, કાયદાની જોગવાઇ મુજબ રીવીઝન અરજી ચાલવાપાત્ર નથી. અરજદારે કરેલ રજુઆત મુજબ હુકમમાં સુધારો કરવા કાયદામાં કોઇ જોગવાઈ નથી. મુળ ફરીયાદીએ કેસ લંબાવવા ખોટી અરજી કરેલ છે. સદરહું કેસનું રેકર્ડ ધ્યાને લેતા જણાઈ આવે છે કે સદર કેસ હાલમાં પુરાવા પર છે. સદર કામે ફરીયાદીએ નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ના. ટ્રાયલ કોર્ટમાં ગુ.મુ.નં. ૪૭૧૬૩/૨૦૨૫ થી આંક ૧૩ વાળો ચેક રીર્ટન થયા બાબતે કેસ દાખલ કરેલ છે. સદર કામે ફરીયાદીએ ચેકમાં જણાવેલ રૂા. ૩૭,૮૦,૫૦૦/- ની રકમ તેમજ ફરીયાદમાં જણાવેલી બીજી હાથઉછીની રકમ આરટીજીએસથી આરોપીને ચુકવેલ છે અને તે દર્શાવતો ફરીયાદી તર્ફે આંક ૧૮ થી ફરીયાદીએ

તેઓના આઈસીઆઈસીઆઈ બેંક વાસણા રોડ શાખાના નવેમ્બર – ૨૦૨૪ ના બેંક સ્ટેટમેન્ટો રજુ કરેલ છે. આમ, ચેકની રકમ આરોપીને ફરીયાદી તર્ફે ચુકવવામાં આવેલ તે બાબતે નો પુરાવો દર્શાવવા માટે ફરીયાદી તર્ફે બેંક ના સ્ટેટમેન્ટો રજુ છે. સદર ફરીયાદના કામે આરોપી તર્ફે ફરીયાદમાં જણાવેલ ચેકની રકમ રૂા. ૩૭,૮૦,૫૦૦/– ની સામે કોઈ પેમેન્ટ કરેલ હોય તે દર્શાવતું આરોપીનું કોઈ બેંક સ્ટેટમેન્ટ કે બીજો કોઈ પુરાવો રજુ કરેલ નથી. સદર કામે આરોપી તર્ફે ફરીયાદીએ આરોપીને રુા. ૩૭,૮૦,૫૦૦/– આરટીજીએસથી ચુકવી નહી આપેલ બાબતે કોઈ તકરાર લીધેલ નથી. જેથી ફરીયાદી તરફે કાયદેસરના લેણાની રકમ તેઓ પાસે ન હોવાની કે લેણાંની રકમ રોકડેથી ચુકવેલ હોય તે બાબતનો કોઇ પુરાવો ન હોવાનું પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેથી સદર કામે ફરીયાદીએ આરોપીને ચેકની રકમ ચુકવ્યા બાબતનું બેંકના સ્ટેટમેન્ટથી પુરવાર કરેલ છે. આરોપી તરફે તેઓના બચાવમાં જાતે પોતે જુબાની આપવા રાજી નથી પરંતુ સાક્ષી તરીકે ઇન્કમટેક્ષ ઓફીસરને તપાસવાની અરજ આપેલ છે જે ના.ટ્રાયલ કોર્ટ ધ્વારા સમજી વિચારીને નામંજુર કરવામાં આવેલ છે. ના.ટ્રાયલ કોર્ટે આરોપીપક્ષે રજુ રાખેલ આંક–૪૨ વાળી અરજી યોગ્ય અને વ્યાજબી જણાઇ આવેલ ન હોય જેથી હુકમ નામંજુર કરેલ છે જેથી ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ યોગ્ય અને વ્યાજબી છે. જેથી રીવીઝન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

૭. પક્ષકારોની રજુઆતો, કાયદાકીય જોગવાઇ, રેકર્ડ ઉપરના દસ્તાવેજો ધ્યાને લીધા. હાલની અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે.

૧) શું અરજદાર/આરોપી સાબીત કરે છે કે, વિ.ટ્રાયલ કોર્ટે આંક–૪૨ તળે કરેલ હુકમ ગેરકાયદેસર, હકુમત વિહીન કે મનસ્વી છે ?

૨) શું અત્રેની કોર્ટ ધ્વારા વિ.ટ્રાયલ કોર્ટે આંક-૪૨ થી કરેલ હુકમમાં હસ્તક્ષેપ કરવા પુરતુ કારણ છે ?

૩) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) નકારમાં

૩) આખરી હુકમ મુજબ.

<u>કારણો:-</u>

૯. ઉપરોકત મુદૃાના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

૯.૧) હાલના કામે મુદ્દા નં.૧ તથા ૨ હાલની રિવીઝનના નિર્ણય માટે ઘડવામાં આવેલ છે તે બંને મુદ્દા પરસ્પર સંલગ્ન હોય તેમજ ટ્રાયલ કોર્ટ સમક્ષ જે પુરાવા રજુ થયેલ છે તેને આધીન હોય ત્યારે સંક્ષીપ્તતાના હેતુંસર બંને મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

૯.૨) હાલની રીવીઝન અરજી બી.એન.એસ.એસ. કલમ-૪૩૮, (ક્રિમી.પ્રો.કોડની કલમ-૩૯૭) મુજબ દાખલ કરેલી છે, ત્યારે સી.આર.પી. સી. કલમ ૪૦૧(૧) મુજબની સત્તા અત્રેની કોર્ટને છે, એટલે કે, અપીલ કોર્ટની જેમ સી.આર.પી.સી. કલમ ૩૮૬, ૩૮૯, ૩૯૦, ૩૯૧ અને ૩૦૯ ની જેવી સત્તા વાપરી શકે છે. રીવીઝન અરજીમાં અત્રેની કોર્ટે જે હુકમ પડકારવામાં આવેલ છે, તે હુકમના ખરાપણા, કાયદેસરતા કે ઔચીત્ય અંગે નિર્ણય કરવાનો છે. ટ્રાયલ કોર્ટમાં થયેલ કાર્યવાહી નિયમસર છે કે કેમ? તે પણ રીવીઝન કોર્ટ જોઈ શકે છે. માત્ર ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ ભરેલો હોય તેટલા માત્રથી રીવીઝન કોર્ટને તેમાં હસ્તક્ષેપ કરવાની સત્તા પહોંચતી નથી, પરંતુ જયારે નિર્ણય મહત્વની ભુલ ભરેલો હોય અને

કાયદાકીય જોગવાઈનુ યોગ્ય અર્થઘટન થયેલ ન હોય, નિર્ણય પુરાવા કે રેકર્ડ પરના મટીરીયલના આધારે ન હોય કે ન્યાયીક વિવેકાધીન સત્તા આપખુદી રીતે વાપરવામાં આવેલ હોય તો તેવા સંજોગોમાં રીવીઝન કોર્ટે હકુમત વાપરવાની છે.

હાલના કામે અરજદાર ધ્વારા વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા ફોજદારી કેસ નં. ૪૭૧૬૩/૨૦૨૫ ના કામે મુળ ફરીયાદીની આંક-૪૨ થી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટના ઓફીસરને નાઓને પુરાવા સાથે સાક્ષી તરીકે બોલાવી કોર્ટમાં બોલાવવા માટે અરજી હેઠળ વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હુકમ વિરુધ્ધ રીવીઝન અરજી દાખલ કરવામાં આવેલ છે. આ સબંધે પક્ષકારોએ રજુ રાખેલ દસ્તાવેજો ધ્યાને લેતાં, ફોજદારી કેસ નં. ૪૭૧૬૩/૨૦૨૫ ના કામે હાલના અરજદાર ધ્વારા આંક-૪૨ થી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટના ઓફીસરને નાઓને સાક્ષી તરીકે હાજર રાખવા અરજી રજુ રાખેલ છે જે હેઠળ વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા એવું તારણ આપવામાં આવેલ છે કે, આરોપીનો જે એફ.એસ. લેવામાં આવેલ છે તેમાં આરોપીને એવો સવાલ પુછવામાં આવેલ છે કે, તેઓને બચાવના સાહેદ તપાસવા છે તેના જવાબમાં આરોપીએ હા પાડેલ છે. જેથી તેઓ બચાવના સાહેદ તપાસી શકે પરંતુ હાલના કેસમાં આ સાહેદને તપાસવા શા માટે જરુરી છે તેનું કોઈ કારણ હાલની અરજીમાં જણાવેલ નથી અને જેથી હાલની અરજી સમય વિલંબીત કરવા આપેલ હોવાનું જણાવેલ છે.

૯.૩) ઉભય પક્ષકારોની રજુઆતો, અરજીની હકીકત ધ્યાને લીધા. સામાવાળા તરફેની રજુઆતો ધ્યાને લીધી. અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધી. અરજદાર તરફે હાલની રીવીઝન અરજી એવી હકીકતે કરેલ છે કે, ફોજદારી કેસ નં. ૪૭૧૬૩/૨૦૨૫ ના કામે સાક્ષી સમન્સ માટેની અરજી આંક-

૪૨ થી અરજી કરેલ, જે વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને રીવીઝન કરનાર એટલે કે મુળ આરોપી ધ્વારા પોતાના વિશેષ નિવેદનમાં પોતે સાક્ષી તપાસવા માંગે છે તે મુજબની સ્પષ્ટ રજુઆત કરેલ છે અને ઉલટતપાસમાં ફરીયાદીને ઈન્કમટેક્ષના પ્રશ્ન પુછવામાં આવેલ છે તેમ છતાં ફરીયાદીએ ઈન્કમટેક્ષના કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી જેથી ફરીયાદીના ઈનકમટેક્ષના પુરાવા મુળ ફરીયાદના કામે રેકર્ડ ઉપર લાવવા જરુરી હોય અને આવા સાહેદ અતિ મહત્વના સાહેદ હોય તેમ છતાં વિ.ટાયલ કોર્ટ ધ્વારા ઈનકમટેક્ષ ઓફીસરને સાક્ષી તરીકે બોલાવવાની અરજી નામંજુર કરેલ હોય તે અરજી મંજુર કરવા હાલના રીવીઝનના કામે અરજ ગુજારેલ છે.

આ કામે બંને પક્ષે વિ.વ.શ્રીઓને સાંભળ્યા તેમજ વિ.ટ્રાયલ કોર્ટમાં ફો.કે.નં. ૪૭૧૬૩/૨૦૨૫ ના કામે આંક-૪૨ વાળી અરજી વંચાણે લેતા ફકત ઈનકમટેક્ષ ડીપાર્ટમેન્ટ માંથી ફરીયાદી ચતુરભાઈ ગોરધનભાઈ દુધાતના સને ૨૦૨૪-૨૫ તથા ૨૦૨૫-૨૬ વર્ષ દરમ્યાનની ઈનકમટેક્ષ ડીપાર્ટમેન્ટની ફાઈલ કરેલ વિગતો લઈને ના.કોર્ટમાં હાજર રહે તે માટેની અરજી કરેલ છે. જે સંબંધે વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા મુખ્યત્વે તે કારણસર મુળ આરોપીની અરજી નામંજુર કરેલ છે કે, હાલના કેસમાં સદર સાહેદને તપાસવા શા માટે જરુરી છે? તેનું કોઈ કારણ હાલની અરજીમાં જણાવેલ નથી. આ સંબંધે હાલની રીવીઝન અરજી વંચાણે લેતા, તેમાં એવી કોઈ હકીકત જણાવેલ નથી કે, મુળ આરોપી ધ્વારા ફરીયાદીની ડીમાન્ડ નોટીસનો જવાબ આપવામાં આવેલ હતો અને પ્રથમથી જ ફરીયાદીની નાણાંકીય ક્ષમતા બાબતેનો બચાવ મુળ આરોપી ધ્વારા લેવામાં આવેલ હતો. આ સબંધે ***ના. સુપ્રિમ કોર્ટ ધ્વારા સંજાબીજ તારી વિરુધ્ધ કિશોર એસ. બોરકાર અને બીજાઓ, ૨૦૨૫ આઈએનએસસી ૧૧૫૮*** ના ચુકાદામાં જે તારણ આપવામાં આવેલ

છે તે ધ્યાને લેવામાં આવે તો પોતાના ચુકાદાના પેરા–ર૭ થી ૩૧ માં જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો

<u>IN REVISIONAL JURISDICTION, HIGH COURT DOES NOT, IN THE ABSENCE OF PERVERSITY, UPSET CONCURRENT FACTUAL FINDINGS</u>

27. It is well settled that in exercise of revisional jurisdiction, the High Court does not, in the absence of perversity, upset concurrent factual findings [See: Bir Singh (supra)]. This Court is of the view that it is not for the Revisional Court to re-analyse and re-interpret the evidence on record. As held by this Court in Southern Sales & Services and Others vs. Sauermilch Design and Handels GMBH, (2008) 14 SCC 457, it is a well-established principle of law that the Revisional Court will not interfere, even if a wrong order is passed by a Court having jurisdiction, in the absence of a jurisdictional error.

28. Consequently, this Court is of the view that in the absence of perversity, it was not open to the High Court in the present case, in revisional jurisdiction, to upset the concurrent findings of the Trial Court and the Sessions Court.

<u>FAILURE OF ACCUSED TO REPLY TO NOTICE LEADS TO AN INFERENCE</u>

29. Furthermore, the fact that the accused has failed to reply to the statutory notice under Section 138 of the NI Act leads

to an inference that there is merit in the Appellant-Complainant's version. This Court in Tedhi Singh vs. Narayan Dass Mahant, (2022) 6 SCC 735 has held that the accused has the initial burden to set up the defence in his reply to the demand notice that the complainant did not have the financial capacity to advance the loan. The relevant portion of the said judgment is reproduced herein below:-

"10. ... The proceedings under Section 138 of the NI Act is not a civil suit. At the time, when the complainant gives his evidence, unless a case is set up in the reply notice to the statutory notice sent, that the complainant did not have the wherewithal, it cannot be expected of the complainant to initially lead evidence to show that he had the financial capacity. To that extent, the courts in our view were right in holding on those lines. However, the accused has the right to demonstrate that the complainant in a particular case did not have the capacity and therefore, the case of the accused is acceptable which he can do by producing independent materials, namely, by examining his witnesses and producing documents. It is also open to him to establish the very same aspect by pointing to the materials produced by the complainant himself. He can further, more importantly, achieve this result through the cross-examination of the witnesses of the complainant. Ultimately, it becomes the duty of the courts to consider carefully and appreciate the totality of the evidence and then come to a conclusion whether in the given case, the accused has shown that the case of the complainant is in peril for the reason that the accused has established a probable defence." (emphasis supplied)

30. This Court in MMTC Ltd. and Another vs. Medchl Chemicals & Pharma (P) Ltd. and Another, (2002) 1 SCC 234 has specifically held that when a statutory notice is not replied, it has to be presumed that the cheque was issued towards the discharge of liability.

31. Also, after receipt of the legal notice, wherein the Appellant-Complainant alleged that the Respondent No.1-Accused's cheque had bounced, no complaint or legal proceeding was initiated by the Respondent No.1-Accused alleging that the cheque was not to be encashed. Consequently, the defence of financial incapacity of Appellant-Complainant advanced by the Respondent No.1-Accused is an afterthought.

આમ, ના. સુપ્રિમ કોર્ટ ધ્વારા પોતાના ચુકાદામાં જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં ફરીયાદની નાણાંકીય ક્ષમતા બાબતે જો આરોપી ધ્વારા ફરીયાદીની ડીમાન્ડ નોટીસમાં આ મુજબનો કોઈ બચાવ પ્રથમથી જ લેવામાં આવેલ ન હોય ત્યારે તેવા સંજોગોમાં પછીથી ફરીયાદીની નાણાંકીય સ્થિતી બાબતે કોઈ બચાવ આરોપી પક્ષ લઈ શકે નહી. હાથ ઉપરના કેસમાં પણ પોતાની રીવીઝન અરજીમાં રીવીઝન કરનાર ધ્વારા એવી કોઈ હકીકત દર્શાવવામાં આવેલ નથી કે, પોતે મુળ ફરીયાદી ધ્વારા મોકલવામાં આવેલ ડીમાન્ડ નોટીસનો જવાબ આપેલ હતો અને તે જવાબમાં ફરીયાદીની આર્થિક સ્થિતી બાબતેનો બચાવ લીધેલ હતો. તે સંજોગોમાં હાલના રીવીઝન કરનાર ધ્વારા ઈન્કમટેક્ષ અધિકારીને શા માટે તપાસવા માંગે છે ? તેનુ કારણ ફકત એવુ જણાવેલ છે કે, પોતે ફરીયાદીને ઉલટતપાસમાં ઈન્કમટેક્ષ અંગેના પ્રશ્નો પુછેલ હતા પરંતુ ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લેતા જયારે ડીમાન્ડનો નોટીસનો જવાબ આપીને આવી ફરીયાદીની

નાણાંકીય સ્થિતી બાબતેનો કોઇ બચાવ પ્રથમથી જ લેવામાં આવેલ ન હોય હાલની અરજી ટકવાપાત્ર જણાઇ આવતી નથી. જેથી વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા મુળ આરોપીની આંક-૪૨ વાળી સાક્ષી સમન્સ અંગેની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે તેમાં અત્રેની કોર્ટ ધ્વારા હસ્તક્ષેપ કરવા પાત્ર જણાઇ આવતુ ન હોઇ, મુદ્ધા નં.૧ અને ૨ નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

મુદ્દા નં.૩

૧૦. ઉપરોકત મુદ્દા નં.૧ અને ૨ ના નિર્ણયો, કેસ હકીકત અને પક્ષકારોએ રજુ કરેલ તારણો ધ્યાને લઇ, મુદ્દા નં.૩ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: હુ ક મ :-

(૧) આ કામના અરજદાર **નિકુંજ દિનેશચંદ્ર ભટ્ટ** નાઓની, હાલની ફોજદારી રીવીઝન અરજી નં.૫૯/૨૦૨૬ આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની એક નકલ સંબંધીત ટ્રાયલ કોર્ટને રેકર્ડ સાથે મોકલી આપવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૧/૦૮/૨૦૨૬
વડોદરા.

(બદ્રી કમલકુમાર દસોંદી)
૦૯માં એડીશ્નલ સેશન્સ જજ
વડોદરા.
કોડ નં.જીજે૦૦૮૨૪

ડી.કે.કડુસ્કર